બધાને કરી દંડવત્ એ નમે છે,
મઝા બહુ પડે જિન્સમાં જો રમે છે.
દિવસ, રાત, સાંજે, સવારે ગમે છે,
મને મારી ભાષા વધારે ગમે છે.

અનુવાદ, સર્જન, અનુસર્જનો પણ,
મમત કોઈ પર નહીં ને મમતાનું સગપણ.
જીવન એક એના સહારે ગમે છે,
જમું એને હું ને મને એ જમે છે.

રડું તો એ આવીને છાનોય રાખે,
રહે કાને, જીભે અને હોય આંખે.
મનોબળના મક્કમ ઇશારે ગમે છે,
તરી ગઈ જે પેઢી હજુ ધમધમે છે.

બળૂકી, નિખાલસ, સહજ, ઔપચારિક,
અનુરૂપ સૌને સદા પારિવારિક.
નકારે ગમે છે, હકારે ગમે છે,
વગર એના જીવન સતત આથમે છે.

ન ખપશે કદાપિ તમાશા ખુલાસા,
જનમથી મરણ સુધી જીવે છે ભાષા.
પરમ પ્રેમના ચિત્રકારે ગમે છે,
વિધાતા ને માતા પછીના ક્રમે છે.

કરે છે શું નવાજૂની, ઘણા દિવસે મળે છે તું,
ગઝલ તારા વગર સૂની, ઘણા દિવસે મળે છે તું.

લખેલું હોય તો સંભળાવ થોડી આપ-લે કરીએ,
અસર છેને હજુ ‘ધૂની, ઘણા દિવસે મળે છે તું.

તને મળજે, તરત પાછો જરા સંભાળીને વળજે,
વિષય છે ગેરકાનૂની, ઘણા દિવસે મળે છે તું.

અતિ ઉત્સાહમાં ભૂલી ન જા, હું ચેતવી રાખું,
હવાઓ તો બધે ઊની, ઘણા દિવસે મળે છે તું.

સ્વયંભૂ કોડિયાં વિના પ્રગટશે જોઈ લેજે તું,
જરૂરત નહીં પડે રૂની, ઘણા દિવસે મળે છે તું.

ફરીથી એ જ એનું એ જ કરવાનું નવેસરથી,
નવી રીતે જૂના થઈ રોજ જીવવાનું નવેસરથી.

ઘડીભર વૃક્ષની જેમ જ ઝૂકી જા છાંયડો આપી,
ખરેલાં પાનને શિખવાડ ઊગવાનું નવેસરથી.

નથી દૂધમાં અને દહીંમાં તમારી જેમ રહેવાતું!
અમે જેમાં રહીએ એમાં રહેવાનું નવેસરથી.

બધુંયે યાદ રહેવું ક્યાં જરૂરી? તોય લાગે છે,
મળી, છુટ્ટા પડીને ત્યાં જ મળવાનું નવેસરથી.

સદેલા પ્રેમનો આ રાઝ છે જો કામ આવે તો,
ગમેલાંને ઉપરવટ થઈને ગમવાનું નવેસરથી.

ખ્યાલ ના હો એ જગાથી નીકળે છે
કાઢવો જો હોય તો રસ્તો મળે છે.

સ્હેજ જીવીને વિચારો આપણામાં,
હૂંફ આપોઆપ મળશે તાપણામાં.
ભાસ જોઈશે ગતિની તીવ્રતાનો,
એ જ આવીને મળે છે આંગણામાં.

પગ પડે છે ત્યાં નવો થઈ સળવળે છે,
કાઢવો જો હોય તો રસ્તો મળે છે.
હા, પડેલું એને વાંકું એ જ રસ્તો,
બારી પાસે બેસી તાકું એ જ રસ્તો.

ક્યાંક ખાડા, ક્યાંક સમથળ, ક્યાંક ટૂંકો,
ક્યાંક લાંબો જોઈ થાકું એ જ રસ્તો.
આપણે વળીએ ન એ પાછો વળે છે,
કાઢવો જો હોય તો રસ્તો મળે છે.

ચોતરફ ફરતો રહું છું એની ઉપર,
જે ભરે ભાંખોડિયા મારી જ અંદર.
એ જ રસ્તાને પૂછું છું ફાવશેને?
ડગ ભરે છે ગિરદીમાં રોજ જીવતર.

દોસ્ત, માઈલસ્ટોન કેવા ઝળહળે છે!
કાઢવો જો હોય તો રસ્તો મળે છે.

સારા અને નરસા પ્રસંગે જાન છે મિત્રો,
ઈશ્વર સ્વરૂપે અવતર્યું વરદાન છે મિત્રો.

મક્કમ રહેલી વાત ઉપર છેક છેવટે,
સોંસરવું ઊતરી જાય એ ફરમાન છે મિત્રો.

જ્યારે તમે હળવા થઈને હોંશમાં હશો,
ત્યારે બચેલી આબરૂનું ભાન છે મિત્રો.

એવા ને એવા આપણે સુદામા થઈ જિવ્યા,
એવા ને એવા આંખ, હૈયું, કાન છે મિત્રો.

અમથી નવાબી હોય ના સંબંધની કદી
મળ્યા ને તે દિવસથી જાજરમાન છે મિત્રો.

રહ્યાં છો બહાર ને અંદર, કહો તમને શું લાગે છે?
રહે છે કોને કોનો ડર? કહો તમને શું લાગે છે?

ઊગેલું ફૂલ ખરવામાં, ખરેલું ફૂલ ઊગવામાં,
વધારે કોણ છે સધ્ધર? કહો તમને શું લાગે છે?

થીજેલાં સાવ નક્કામાં જે રસ્તા પર મળે છે તે,
પીગળતા હોય છે પથ્થર, કહો તમને શું લાગે છે?

દીવાલો હૂંફની ને રાહ જોતી આંખની બારી,
બને છે એ જ રીતે ઘર, કહો તમને શું લાગે છે?

લગન એના ને વરઘોડોય એનો છે વધારેમાં,
વધારે આપણે અણવર, કહો તમને શું લાગે છે?

હસ્તરેખાઓ બધી મ્હેંદી થશે,
જે હતી પાંથી હવે સેંથી થશે.

તેં નદીને આવી રીતે જોઈ છે?
પાનેતરને પ્હેરીને એવી થશે.

જાય ત્યારે એટલું ભેટી થશે,
કંકુથાપે ફુરસદ ભેગી થશે.

એ નર્યો વરસાદ ઓઢીને ફરી,
ને જુઓ સંબંધમાં વ્હેતી થશે.

બાપ ઈશ્વર કરતાં મોટો હોય છે,
ક્લિક કરતાં ફોટામાં દેખી થશે.

ઇચ્છાઓ પણ બળવત્તર છે, પીડાઓ પણ બળવત્તર છે,
લોહી નિચોવીને જિવ્યો છું, અફવાઓ પણ બળવત્તર છે.

રણ જેવું તોરણ બાંધે છે, ડમરીઓ રેતી રાંધે છે;
સાંજે આંખોમાં ઘેરાતા તડકાઓ પણ બળવત્તર છે.

ડાઉનલોડના સંબંધોમાં ભળભાંખળી ભાળ મળે છે,
જાત ઉછીની ઓળખ આપે રસ્તાઓ પણ બળવત્તર છે.

શું પૂછું ને જવાબ આપે, એવા દિવસો કોને માપે?
કયા અંતને સાચો ગણવો? ઘટનાઓ પણ બળવત્તર છે.

હું બોલું ને તમે સાંભળો વાત જુદી છે સમય સમય પર,
સૌને સૌની રીતે ભજવે તખ્તાઓ પણ બળવત્તર છે.

કેમ ખંખેરું ચહેરા પરની રજ?
ખૂબ મેલો હોય છે સાંજે સૂરજ.

તું મને પૂછ્યા કરે છે શું કર્યું?
રાહ જોવાની કરી પૂરી ફરજ.

હું પછી ઘેરાઉં નહીં તો શું કરું?
કોની પાસે, ક્યાં સુધી રાખું ગરજ?

જાણીજોઈને ઉપાધિ લઈ લીધી,
આમ લખવાનું નથી માથે કરજ.

તું નવું કર એની તો ક્યાં ના જ છે?
પણ પહેલાં જૂના જેવું તો સરજ.

એમનો આભાર માની ગણગણું,
જેમણે વરસાદની બાંધી તરજ.

આભ છું હું છત - છજું મારું નથી,
કોતરેલું કાળજું મારું નથી.

દર વખત એવું જ લાગે છે સતત,
શે’ર લખવાનું ગજું મારું નથી.

હુંય એના સ્વાર્થમાં જિવ્યા કરું,
મન ખરેખર પરગજુ મારું નથી.

એ ઉમેરે બાદ રાખીને મને,
જોને મારામાં હજુ મારું નથી.

છું પ્રવકતા બસ વધારે કૈં નથી,
જે કરેલું છે રજૂ મારું નથી!

ખૂબ ફેલાવાની ઇચ્છા રાખે છે,
સંત છે પોતે ને ખિસ્સા રાખે છે.

એક પણ લક્ષણ નથી હળવાશનું,
હાથમાં એ મોરપીંછાં રાખે છે.

એ જ માણસ બનવા ફાંફાં મારતો,
ને બીજા માટે પરીક્ષા રાખે છે.

ક્યાં કશાથી પર કદીયે થઈ શક્યો?
ક્યાંક બુચ્ચા, ક્યાંક કિટ્ટા રાખે છે.

ચોતરફ ફરવું ગમે છે એટલે,
બીજાનું પીવાના પીઠા રાખે છે.

કેમ કરીને સમજાવું, ક્યાંથી ફૂટી પ્યાસ?
તરસ્યા જળના ઉપસ્યા કાગળ ઉપર ચાસ.

બેઉ સરખા એકમાં, તારા મારા શ્વાસ,
તું ઊજવે હળવાશ ને હું ઊજવું નવરાશ.

કઈ ખૂબીથી શણગારી નોંધારી કડવાશ,
ધરપત નથી જ સોંપતો, એની છે મીઠાશ.

મહેફિલમાં હું એકલો, લાગે સઘળાં ખાસ,
ઘર નથી ને હોય છે હોવા જેવી હાશ.

નથણી જેમ જ વીંધાયો મૂકેલો વિશ્વાસ,
વર્તુળમાં હું પુરાયો, તું વિસ્તારે વ્યાસ.

એક બે સપનાંથી જીવતર ના બને,
એકલા ઊજવો તો અવસર ના બને.

એટલે તો તું જ છે ચારેતરફ,
શ્વાસ કૈં અમથા જ પગભર ના બને.

લોહી છોલાઈ અને ખુશબૂ બને;
આબરૂ છે એમ સધ્ધર ના બને.

કોડિયામાં ઘી કદી ખૂટયું હશે,
પ્રેમ મેં અમથો જ પડતર ના બને.

ધૈર્યથી તપવાની એને ટેવ છે,
વ્હાલ એકાએક વળતર ના બને.

જન્મથી નાદાન ઇચ્છાને કહો,
ઘાટ વિનાનું તો ઘડતર ના બને.

ક્યાં કદી વરસાદ વાદળનો થયો છે?
ને વળી દરિયોય ઝાકળનો થયો છે!

એ લખ્યા વિના જ વંચાતો રહે છે,
પ્રેમ ક્યાં અક્ષરનો - કાગળનો થયો છે?

સૌની સાથે રહીને પોતાનો થયો છે,
એટલે ઈશ્વરથી આગળનો થયો છે.

છે બધું ને તોય તરસ્યો થઈ જીવે છે,
બોરડીનો જીવ બાવળનો થયો છે.

અધખુલેલો એ જ કારણથી રહ્યો છે,
બારણું છોડીને સાંકળનો થયો છે.

હું દીવાલો પર જીવું છું, તું દીવાલો થઈ જીવે છે,
રોજ પડછાયા મને આવું કહીને ખીજવે છે.

હું તને સ્પર્શ્યા વિના બસ દૂરથી જોયા કરીશ-
તું અગર વરસાદ છે તો કેમ મારાથી બીવે છે?

તારી આગળ મારું બોલે, મારી આગળ તારું બોલે,
કેટલા એવા છે જેની જીભ પર નિંદા ચૂવે છે.

છે ઘણાં કે જેમણે જીવવાનું બાજુ પર મૂક્યું છે,
હા, ઘણાને ઓળખું છું જે સરસ રીતે જીવે છે.

આમ તો વરસાદથી મારી તરસ છીપે છે ચાતક,
બસ, તરસ લાગે છે ત્યારે આંખ આંસુને પીવે છે.